# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-09-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- **સ્વચ્છ વાયુ સર્વેક્ષણ- ૨૦૨૪માં સુરતને ભારતમાં પ્રથમ સ્થાન મેળવવા બદલ જયપુર ખાતે નેશનલ મિશન ફોર કલીન એર કાર્યક્રમમાં એવોર્ડ પ્રાપ્ત થયો..**
- **રાજ્યમાં ધીમેધીમે વરસાદનું જોર ઘટ્યું.. હવામાન વિભાગે આગામી દિવસોમાં નહિવત વરસાદની શક્યતા દર્શાવી..**
- **રાજ્યભરમાં ગણેશ ચતુર્થી નિમિત્તે અબીલ ગુલાલની છોળો વચ્ચે વિઘ્નહર્તાની મૂર્તિનુ સ્થાપન... સંત્વત્સરીની ઉજવણી સાથે જૈનોના પર્વ પર્યુષણનું સમાપન...**
- **ગણેશની મૂર્તિઓનું નિર્માણ થાય છે તેવા અમદાવાદના ગુલબાઇ ટેકરા વિસ્તારમાં મહાનગરપાલિકા આવાસનું નિર્માણ કરીને કાયાપલટ કરશે..**
- **પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે યોજાનારા ભાદરવી પૂનમના મેળા માટે વહિવટી તંત્ર સજ્જ.. પોલીસનો ચુસ્ત બંદોબસ્ત રહેશે..**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# SURAT- AWARD

સુરત શહેરે 'સ્વચ્છ વાયુ સર્વેક્ષણ ૨૦૨૪'માં દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જે અંતર્ગત આજે જયપુરમાં યોજાયેલ એક કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે અને રાજસ્થાનના મુખ્યમંત્રીએ સુરત શહેરને 'નેશનલ ક્લીન એર સિટી' એવોર્ડ સહિત ઇનામી રાશિ, ટ્રોફી અને પ્રમાણપત્ર અર્પણ કરાયું.. આ સન્માન સુરત શહેરના મેયર દક્ષેશ માવાણી અને મહાનગરપાલિકાના કમિશ્નર શાલિની અગ્રવાલે સ્વીકાર્યો હતો..

# WEATHER+ DAM

હવામાન વિભાગે આગામી દિવસોમાં ધીમેધીમે વરસાદ ઓછી થવાની આગાહી કરી છે.. હવામાન વિભાગે આવતીકાલે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મધ્ય ગુજરાતના મહિસાગર, દાહોદ અને દક્ષિણ ગુજરાતના વલસાડ તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરાનગર હવેલીમાં છુટાછવાયા વરસાદની આગાહી કરી છે. જ્યારે ત્યારબાદના છ દિવસ દરમિયાન વરસાદની શક્યતા નહીવત હોવાની આગાહી કરી છે..

જ્યારે આજે સવારના છ વાગ્યાથી અત્યાર સુધીમાં 35 તાલુકાઓમાં મધ્યમથી હળવો વરસાદ વરસ્યો છે..જેમાં સૌથી વધુ વલસાડના વાંસદામા બે ઇંચ, ડાંગના વઘઇમાં પોણા બે અને ભરૂચના વાલિયામાં દોઢ ઇંચ વરસાદ વરસ્યો હતો..

આ ઉપરાંત અમદાવાદમાં આજે દિવસ દરમિયાન એક ઇંચ કરતાં ઓછો વરસાદ પડ્યો હતો જ્યારે વાસણા બેરેજના છ દરવાજા ખોલીને 11 હજાર 986 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

મહીસાગર જીલ્લાના કડાણા ડેમમાંથી વધુ એકવાર પાણી છોડવામાં આવશે.. હાલ રાજસ્થાનમાં આવેલો બજાજ સાગર ડેમ ભયજનક સપાટીએ પહોંચી જતા બજાજ સાગર ડેમના ગેટ ખોલી પાણી છોડતા હાલ કડાણા ડેમની આવકમાં વધારો થયો છે, જેને લઈ નદી કાંઠાના 23 ગામોને એલર્ટ રહેવા સૂચના આપવામાં આવી છે..

# SURAT- C.R.PATIL

સુરત જિલ્લાની નવી સિવિલ હોસ્પિટલ ખાતે આજે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલ દ્વારા એલર્જી ડિપાર્ટમેન્ટનો શુભારંભ કરવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન પરેશ પટેલ, હોસ્પિટલ સ્ટાફ સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# SBI Cheque - CM

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને "મુખ્યમંત્રી રાહત નિધિ" માટે 4 કરોડ 64 લાખ રૂપિયાનો ચેક અર્પણ કરવામાં આવ્યો. રાજ્યમાં તાજેતરના ભારે વરસાદથી અસરગ્રત થયેલા લોકોની સહાય માટે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની રાજ્યની તમામ શાખાઓના અધિકારી-કર્મચારીઓના એક દિવસના પગારની રકમના સ્વૈચ્છિક ફાળાનો આ ચેક સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના ચીફ જનરલ મેનેજર હેમંત કરોલીયા દ્વારા મુખ્યમંત્રીને અર્પણ કરવામાં આવ્યો.

# GANESH CHATURTHI

રાજ્યભરમાં ગણેશ ચતુર્થી ધાર્મિક આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી..

"ગણપતિ બાપ્પા મોરયા"ના નાદ સાથે લોકોએ વિધિવત રીતે ભગવાન ગણેશજીની ઘરમાં સ્થાપના કરી. મહેમદાવાદના સિધ્ધી વિનાયક મંદિર અને ગણેશપુરા સહિતના ગણેશ મંદિરોમાં આજે બાપ્પાની સ્થાપના કરી વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

અમદાવાદમાં વિવિધ શેરીઓ, પોળો, સોસાયટી અને પંડાલોમાં અનોખી ગણપતિજીની મૂર્તિઓએ આકર્ષણ જમાવ્યું છે.

વડોદરાના રાજવી પરિવાર દ્વારા શ્રીજીનું પરંપરાગત રીતે પૂજન કરીને શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું..

યાત્રાધામ અંબાજી ખાતે ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ દ્વારા ગણેશ સ્થાપન કરવામાં આવ્યું.. તો અંબાજીના સિદ્ધિવિનાયક મંદિરમાં પણ મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટ્યા હતા..

જુનાગઢ GIDC વિસ્તારમાં આવેલી ઇગલ ફેક્ટરીમાં સ્વયંભૂ ગણપતિજીના મંદિરમાં યજ્ઞ અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું..

નવસારી જિલ્લામાં દશ દિવસીય ગણેશોત્સવનો પ્રારંભ થયો છે. જીલ્લામાં 10 હજારથી વધુ ગણેશ પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવી છે.

તો ભરૂચમાં 27 હજાર રુદ્રાક્ષના માધ્યમથી શ્રીજીની ઇકો ફ્રેન્ડલી પ્રતિમાનું નિર્માણ કરવામાં આવ્યું છે..

તો અંકલેશ્વરના ચોર્યાસી ભાગોળ વિસ્તારના આદિવાસી મહોલ્લામાં બાળકોએ શ્રીજીની ઇકોફ્રેન્ડલી મૂર્તિનું નિર્માણ કરી ગણેશોત્સવની ઉજવણી કરી હતી.

કેન્દ્રશાસિત પ્રદેશ દિવના ઘોઘલા ખાતે શ્રી સિધ્ધી વિનાયક ગ્રુપ દ્વારા ગણેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

# SAMVATSARI

તો બીજી તરફ, આજે સંવત્સરીના પર્વની ઉજવણી સાથે પર્યુષણ પર્વનું સમાપન થયું છે.. રાજ્યના તમામ દેરાસરમાં વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવ્યું. જૈન બંધુઓએ એકબીજાને મિચ્છામી દુક્કડમ કહી વર્ષ દરમિયાન થયેલી ભૂલોની ક્ષમા યાચના કરી હતી.

# AMC HOLLYWOOD AWAS

દેશભરમાં આજથી ગણેશ મહોત્સવની શરૂઆત થઈ છે. મહાનગરપાલિકા દ્વારા અમદાવાદના ગણેશજીની મૂર્તિઓના હબ ગુલબાઈ ટેકરાની કાયાપલટ કરવામાં આવશે.

ગુજરાતમાં ભગવાન ગણેશજીની મૂર્તિઓ બનાવવા માટે સૌથી જાણીતું બજાર અમદાવાદના ગુલબાઈ ટેકરામાં આવેલું છે. અહીં 50 વર્ષથી બાવરી સમાજના લોકો ગણપતિ સહિત અલગ અલગ ભગવાનની મૂર્તિઓ બનાવી વેચે છે. થોડા સમય પહેલાં એએમસીએ ગુલબાઈ ટેકરાનું રિડેવલપમેન્ટ કરવાનો નિર્ણય કર્યો હતો અને 99 કરોડનું ટેન્ડર પણ આપી દેવાયું હતું.

આમ, હવે એએમસીના પ્લોટમાં વર્ષોથી રહેતા બાવરી સમાજના લોકોને ત્યાંથી હટાવી તેમના માટે 322 સ્ક્વેર ફૂટના 854 નવાં મકાન બનાવાશે. આ મકાનો બનતાં 2 વર્ષ જેટલો સમય લાગશે, જેથી બાવરી સમાજના લોકો અન્ય સ્થળે રહેવા જશે..

# BHADARVI PUNAM MELO

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આગામી 12મી સપ્ટેમ્બરે ભાદરવી પૂનમનો મેળો યોજાશે. આ મેળામાં લાખો ભક્તો મા અંબાના ચરણમાં શિશ ઝુકાવવા પહોંચે છે, ત્યારે આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન અને જિલ્લા કલેકટર મિહિર પટેલે પત્રકાર પરિષદ યોજી હતી.. તેમણે કહ્યું કે,

માઇ ભક્તો સરળતાથી અંબાજી પહોંચે અને માતાજીના દર્શન કરી શકે તે માટેની તમામ વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી છે..

**(બાઇટ- મિહિર પટેલ, કલેકટર, બનાસકાંઠા)**

ભાદરવી પૂનમના મેળાને લઇને ચૂસ્ત પોલીસ બંદોબસ્ત કરવામાં આવ્યો હોવાનું જીલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાએ કહ્યું..

**(બાઇટ અક્ષયરાજ મકવાણા, જીલ્લા પોલીસ વડા, બનાસકાંઠા)**

મેળા માટે દર્શન, ભોજન, વિસામો, પાર્કિંગ સહિતની સુવિધાઓ માટે ૨૬ સમિતિઓ બનાવાઈ છે જ્યારે 2 હજાર 516 સંઘોની નોંધણી કરવામાં આવી છે. આ ઉપરાંત બ્રોસર અને ક્યુ આર કોડ દ્વારા મેળાની સંપૂર્ણ વિગતોની પણ જાણકારી મળી રહે તે માટેની તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.

# TARANETAR MELO

સુરેન્દ્રનગર જિલ્લાનાં વિશ્વપ્રસિદ્ધ તરણેતરના મેળામાં આજે ભગવાન ત્રિનેત્રેશ્વર મહાદેવને બાવન ગજની ધજા ચડાવવામાં આવી. સંતો-મહંતો દ્વારા સૌ પ્રથમ ધજાનું પૂજન કર્યા બાદ વાજતે-ગાજતે શોભાયાત્રા નીકળી હતી. અનેક લોકો તરણેતરની ઓળખ સમાન મોરલાવાળી છત્રી લઈને આ શોભાયાત્રામાં જોડાયા હતા.

આ મેળામાં યોજાયેલ ગ્રામીણ ઓલિમ્પિકે આકર્ષણ જમાવ્યું, જેમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી રમતવીરોએ પોતાની રમતોનું પ્રદર્શન કર્યું હતું. આ ગ્રામીણ ઓલિમ્પિકમાં દેશી રમતો જેમ કે, નાળિયેર ફેંક, વોલીબોલ, માટલા દોડ સહિતની વિવિધ રમતો રમાડવામાં આવે છે. તાપી, રાજકોટ, મોરબી સહિતના રાજ્યભરના અનેક ખેલાડીઓ પોતાનું કૌશલ્ય ઝળકાવવા તરણેતરના મેળામાં આવ્યા હતા.

આ લોકમેળામાં ત્રણ દિવસીય પશુ પ્રદર્શન હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું છે. પશુપાલકોને પ્રોત્સાહન મળી રહે તે માટે 37 લાખથી વધુના 221 ઈનામો વિવિધ શ્રેણીમાં આપવામાં આવી રહ્યા છે.

# JAMNGAR BIRDS

જામનગરમાં આ વર્ષે બ્લેક ફ્રેંકોલીન એટલે કે કાળા તેતર જોવા મળ્યા હતા, જે અનોખી ઘટના છે. જામનગરના પક્ષી પ્રેમી અને વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફરોને સમાણા વિસ્તારમાં પક્ષી નિરીક્ષણ દરમિયાન કાળા તેતર પક્ષીના અવાજ સાંભળવા મળ્યા હતા. સામાન્ય રીતે આ પક્ષી કચ્છ સિવાય કોઈ જગ્યાએ જોવા મળતુ નથી.. આ ઉપરાંત પચરંગી તેતર અને કાળો તેતર બંને એક જ જગ્યા એ જોવા મળ્યા હતા તે બીજી અનન્ય ઘટના છે, તેમ પક્ષીવિદ આશિષ પાનખાણિયાએ જણાવ્યું...

**(બાઇટ- આશિષ પાનખાણિયા- પક્ષીવિદ)**

# NEWS IN BRIF

## અને હવે કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં..

- બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે યોજાયેલ બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં અંદાજે 524 સ્પર્ધકોએ ભાગ લીધો.
- અમરેલી જિલ્લાના નવા માર્કેટીંગ યાર્ડના ગોડાઉનમાં ઘઉંની ગુણીઓ પડતા પાંચ મજૂરો દબાતા એક મજૂરનું મોત નીપજ્યું છે જ્યારે અન્ય ચારને ઈજા થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

- ❖ નવસારી જિલ્લાના ગોડથલ ગામે વન વિભાગ દ્વારા અંદાજે 1 લાખ 75 હજારનાં 5 ટન ખેરનાં લાકડા અને વાહન સહિત કુલ 4 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો.
- ❖ ગીર સોમનાથ LCB બ્રાન્ચ દ્વારા વેરાવળમાં GIDC નજીકથી અંદાજે 2 લાખ 50 હજારનો ગેરકાયદેસર અનાજના જથ્થો અને વાહન જપ્ત કરવામાં આવ્યો.